ગાંધીનગર સમાચાર



# વિસનગરની એમ.એન. કોલેજે રાજ્યને ત્રણ મુખ્યમંત્રી આપ્યા

## મોદી, વાઘેલા અને ચીમનભાઈ પરના પુસ્તકો પ્રગટ થયા છે : મોદીના પ્રથમ પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'નું વિમોચન ગાંધીનગર જેસીઝે યોજ્યું હતું તો આનંદીબેનની મનની વાતોનો મેળો પણ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પાટેલની







ઉપસ્થિતિમાં મનની વાતોનો મેળો યોજાવાનો છે ત્યારે સમયની થોડીક પળોના પાછળ કેટલીક વણકથી વાતો પણ જાણવા જેવી છે.

આમ તો રાજ્યના પૂર્વ સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ અર્થશાસ્ત્રના અભ્યાસક્રમના પુસ્તકો તૈયાર કરતા હતા અને કોલેજોમાં તે ભણાવતા હતા. સ્વ. શ્રી ચીનમભાઈ પટેલની આ વાતનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે તેઓ અધ્યાપકમાંથી રાજકારણમાં સક્રિય થયા હતા. જોકે વિદ્યાર્થી નેતા તરીકેની પણ તેમણી આગવી ઓળખ મહાગુજરાતની લડતમાં રહી છે.

**સમયસર**

સ્વ. ચીમનભાઈના શાસનમાં તેમણે નર્મદા અને ઔદ્યોગિક વિકાસ માટેના કરેલા પ્રયાસો પછી તેમના માટે એક પુસ્તક પ્રગટ થયું હતું.



આ પછી રાજ્યના મુખ્યમંત્રી અને હાલના વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાની શક્તિઓને બિરદાવતુ પુસ્તક 'ત્રીજી શક્તિનો સૂર્યોદય' પ્રગટ થયેલું.

હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પણ કલમના કસબી રહ્યા છે. કટોકટી કાળમાં ગુજરાતના આ નેતાએ લખેલ પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત' એ તેમની આગવી ઓળખ બની ગયું હતું.

આ પછી 'આ જોઈ મારી આંખ ધન્ય બની' નામનો કાવ્ય સંગ્રહ તેમનો પ્રકાશિત થયો અને છેલ્લે ક્લાઈમેટ ચેઈન્જ અંગેના તેમના પુસ્તકે તેમની સામાજિક ચિંતક તરીકેની છાપ ઉભી કરી છે.

નરેન્દ્ર મોદી અંગે પણ અન્ય લેખકોના પુસ્તકો પ્રકાશિત થયા છે. તે વાત આજે ઉલ્લેખનીય છે.

આજે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનું પુસ્તક તેમના શિક્ષક જીવનની આંતર કથાઓને લઈ પ્રકાશન થવા જઈ રહ્યું છે.

આ બધી વાતોનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે, વિસનગરની એમ.એન. કોલેજની યાદ આવી. આ ઉત્તર ગુજરાતની ખુબ જાણીતી કોલેજે રાજયને ત્રણ-ત્રણ મુખ્યમંત્રીઓ આપ્યા છે.

એમ.એન. કોલેજના પ્રાંગણમાં ખીલેલી આ ત્રણેય શક્તિઓએ અલગ-અલગ ઓળખ સાથે ગુજરાતનું નેતૃત્વ આપ્યું છે.

આ ચારેય મુખ્યમંત્રીઓ પૈકી ત્રણ મુખ્યમંત્રી ઉત્તર ગુજરાતનું વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. શંકરસિંહ વાઘેલા આજે વિપક્ષના નેતા છે તો આનંદીબેન પટેલ રાજ્યના મુખ્યમંત્રી છે. એક જ કોલેજના બન્ને વિદ્યાર્થીઓ ગૃહના સન્માનીય સ્થાનો પર છે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે અભ્યાસકાળ દરમ્યાન સુવર્ણચંદ્રક યુનિ.માં મેળવ્યો હતો.

શ્રી શંકરસિંહ વાઘેલા અને શ્રી નરેન્દ્ર મોદી વોલીબોલના અચ્છા ખેલાડીઓ રહ્યા છે. શ્રી વાઘેલા

● અનુસંધાન પાન-૭ પર



**પરીક્ષાનો માહોલ** - માધ્યમિક શાળાઓમાં સોમવારથી સત્રાંત પરીક્ષાઓનો આરંભ થયો... વિદ્યાર્થીઓ સેમેસ્ટર સીસ્ટમથી સતત ભણતરના ભાર નીચે દબાયેલા રહે છે... પરીક્ષાલક્ષી શિક્ષણના કારણે આપણી શિક્ષણ પ્રથા જીવનલક્ષી શિક્ષણથી દૂર થતી જાય છે... પરીક્ષાના માહોલમાં વિદ્યાર્થીઓ ગળાડૂબ છે પરંતુ સાથે સાથે પરીક્ષામાંથી મુક્તિને કારણે નવરાત્રિ આનંદ-ઉલ્લાસથી ઉજવાશે... (તસવીર : દિપક જાની)

# શહેરના સેકટરોમાં શેરી ગરબાના આયોજન માટે તડામાર તૈયારી

ગાંધીનગર તા ૫

શહેરમાં નવરાતની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે નગરમાં વિવિધ ત્રણ સ્થળોએ

**મોડી રાત સુધી બેઠકોનો દૌર નવરાતને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સાહ**

ભવ્યાતિભવ્ય ગરબા મહાત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ ઠેકાણે શામિયાણાં ઉભા કરવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ત્યારે સેકટરોમાં પણ શેરી ગરબાના આયોજનને લઈ મોડી રાત સુધી બેઠકોનો દૌર જામી રહયો છે. નવલા નોરતાના આડે માત્ર અઠવાડીયુ જ આડુ રહયુ હોવાથી સેકટરવાસીઓમાં ગરબાના આયોજન માટે ઉત્સુકતા જોવા મળી રહી છે.સેકટરોમાં શેરી ગરબાનુ પણ ભવ્ય આયોજન થતુ હોવાથી નાગરિકો પુર્વતૈયારીમાં ઓતપ્રોત બન્યા છે.

નવરાતના પડઘમ વાગી રહયા છે.માતાજીની ભકિત આરાધનાના આ પર્વને હેતે વધાવવા



માટે નગરજનો ઉત્સુક બન્યા છે. શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે ગરબા મહોત્સવની અલ્ટ્રા મોર્ડન ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શહેરના સ્થાપના કાળથી સેકટરોમાં શેરી ગરબાની જાકમજોળ આજે પણ યથાવત છે. નવરાતને હવે માંડ ગણતરીના દિવસો જ આડા રહયા છે ત્યારે સેકટરોમાં શેરી ગરબાના આયોજનો માટે મોડી રાત સુધી બેઠકોનો દૌર જામે છે.નવરાતમાં માતાજીને વધાવવા સેકટરોમાં શેરી વળાવી સજ્જ કરવા ભાવિકો ઉત્સુક બન્યા છે. શેરીગરબામાં રોશનીની જાકમજોળ વચ્ચે દિવ્ય અને ભવ્ય માહોલમાં માતાજીના ગુણગાન ગાવા સેકટરવાસીઓ તૈયારીમાં લાગી ગયા છે. સે- ૧૭, ૨૨ સે-૨૪ સે-૩ સે-૭ સહિતના સેકટરોમાં ભવ્યાતિ ભવ્ય શેરી ગરબાનુ આયોજન ગરબાપ્રમીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બને છે. ત્યારે શેરી ગરબાના આયોજકો પણ ગળાડુબ તૈયારીમાં વ્યસ્ત છે.

# જિલ્લાની ૬૨૭ પ્રાથમિક શાળાઓમાં ૨૭મીથી મૂલ્યાંકન

ગાંધીનગર, તા. ૫

આગામી ૨૭થી ૩૦ ઓક્ટો. દરમ્યાન જિલ્લાની ૬૨૭ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રથમ સત્રનું સત્ર મૂલ્યાંકન યોજવામાં આવશે.

**આગામી ૯મી નવેમ્બરથી દિવાળી વેકેશન આરંભાશે : ધોરણ-૧ અને ૨ના વીસ હજાર તથા ધો.૩થી ૮ના એક લાખ દસ હજાર બાળકોનું લેખિત મુલ્યાંકન કરાશે**

આજે મળેલ પરીક્ષા સમિતિની બેઠક મળી હતી જેમાં આ તારીખો નિયત કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧ અને ૨ ના વીસ હજાર જેટલા બાળકોનું મૌખિક મૂલ્યાંકન કરવામાં આવશે જ્યારે ૩ થી ૮ના એક લાખ દસ હજાર જેટલા બાળકોનું લેખિત મૂલ્યાંકન કરવામાં આવશે. આ માટેનો વિગતવાર કાર્યક્રમ આ સપ્તાહના અંત સુધીમાં દરેક શાળાને મોકલી આપવામાં આવશે.

શાળાઓને મૂલ્યાંકન અંગેની તૈયારીઓ શરૂ કરી દેવા માટેના નિર્દેશો આપી દેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ઓક્ટો.ના અંતિમ સપ્તાહમાં શિક્ષણ જગતમાં તમામ સ્તરની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે. આથી વિદ્યાર્થીઓ દ્વારા પણ તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નવરાત્રીની મજાનો આનંદ પરીક્ષાને કારણે વિદ્યાર્થીઓનો છીનવાઈ જશે તેવી લાગણી વાલીઓમાં જોવા મળી રહી છે.

જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૯મીથી દિવાળી વેકેશન આરંભાશે જે ૨૧ દિવસનું રહેશે.

# આજે શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા દેખાવો અને ધરણા

## પંચાયતની ચૂંટણીઓ મોકુફ રાખી પ્રજા દ્રોહ કર્યો છે : કલેક્ટરને પણ દેખાવો બાદ આવેદન-પત્ર અપાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ તથા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે ૯થી ૧૨ દરમ્યાન ધરણાં યોજવામાં આવ્યા છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મોકુફ રાખવાના નિર્ણય સામે આ પ્રદર્શન-ધરણાનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

જિલ્લા અને શહેર સમિતિના પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી તથા ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે કે પરાજયને ભાળી ગટેલ ભાજપની સરકારે લોકશાહીને ગળે ટુંપો દેવાનું કાર્ય આ ચૂંટણીઓ મોકુફ રાખવાનો નિર્ણય કરીને કર્યોછે. આ બન્ને આગેવાનોએ જણાવ્યું છે કે રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની કથળી ગયેલી પરિસ્થિતિનો સ્વીકાર કરીને ભાજપ સરકારે જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી ગેરબંધારણીય રીતે પાછી ઠેલીને ગુજરાતના નાગરિકો-મતાધિકારનો હક્ક છીનવ્યો છે. ગુજરાતમાં જિલ્લા-તાલુકાની ચૂંટણીઓ પાછી ઠેલવાનો નિર્ણય પ્રજાના વિશ્વાસઘાત અને લોકશાહીનું અપમાન બરાબર છે.

કાયદો-વ્યવસ્થાની કથળઈ ગયેલી પરિસ્થિતિને યોગ્ય રીતે જાળવવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. જન આક્રોશને વાચા આપવા આજે તા. ૬-૧૦-૨૦૧૫ના મંગળવાર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શન-ધરણા કરી કલેક્ટરશ્રીને કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનો આવેદનપત્ર આપશે.



**કીડીનું દર** - ધરતીનું નાનકડું છોરું એટલે કીડી... કીડીને પણ એક ઘર હોય છે... અને એને કીડીનું દર કહીએ છીએ... કેટલી ક્ષૂમતાથી અને મહેનતથી તેનું નિર્માણ કરે છે... માટીના કણ-કણ ધરતીમાંથી ખોતરી બહાર ઢગલો કરે છે... અને મનગમતું ઘર વસાવે છે... આ તસવીર કીડીના દરની આસપાસની છે... માટીના કણનો ઢગલો કીડીના પુરુષાર્થનો પર્વત છે... કેવી અદભૂત રચના પરમતત્વએ નિર્માણ કરી છે... પુરુષાર્થનો મહિમા પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક ક્ષિતિજ પર અડીખમ અને અકબંધ છે... ભલે કીડી હોય... કે હાથી...!!! (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરના મુખ્ય સાત માર્ગો પર એલ.ઈ.ડી. લાઈટનુ અજવાળુ પથરાશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર આગામી સમયમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે. એકબાજુ ટોરેન્ટ પાવર દ્વારા નગરની સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી સંભાળવા માટે હાથ ઉંચા કરી દીધા છે. ત્યારે માર્ગ મકાન વિભાગ માટે ભાવિ સમયમાં સ્ટ્રીટ લાઈટની નિભાવણી કરવાનુ વધુ મુશ્કેલ બને તેવા એંધાણ વર્તાઈ રહયા છે. સ્ટ્રીટ લાઈટના લાઈટ બીલ પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. આવા સંજોગોમાં એલ ઈ

**એલ.ઈ.ડી. લાઈટના પ્રાજેકટના પ્રાયોગિક અમલ માટે ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે**

ડી લાઈટનો પ્રાજેકટ સફળ થશે તો વીજ બીલમાં પણ બચત થશે.

શહેરના સેકટરોમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે જયારે આ સ્ટ્રીટ લાઈટના પોલ્સની જાળવણીનુ કામ વર્ષોથી ટોરેન્ટ પાવર સંભાળે છે. સેકટરોની શેરીઓ તેમજ નગરના વિવિધ માર્ગો પર અજવાળુ પાથરવા દર મહીને વિભાગ દ્વારા અંદાજે રૂ ૨૨ લાખ

● અનુસંધાન પાન-૭ પર

**અણદાભાઈ પટેલની તબિયત સ્વસ્થ થતા ૭/૧૦/૨૦૧૫ના રોજ બાલાજી જીનીંગ ફેક્ટરી ખાતે બોલામણું રાખેલ છે**

તા. ૨૨/૯/૨૦૧૫ને સોમવારના રોજ બનાસ ડેરીના બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન અને બનાસ ડેરીના અણદાભાઈ પટેલ અને લક્ષ્મણભાઈ પટેલ તેમજ તેમના સાથીઓ ઉપર થયેલ જિવલેણ હુમલામાં તેઓને ગંભીર ઈજાઓ થતાં અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરેલા હતા. જિલ્લાના પશુપાલકો, બનાસકાંઠા જિલ્લાવાસીઓ, દરેક સમાજના સમાજિક આગેવાનો, રાજકીય આગેવાનો તેમજ સહકારી આગેવાનો તથા શુભેચ્છકોના આશીર્વાદ અને પ્રાર્થનાથી તેમજ માતાજીની કૃપા અને ભગવાનના આશીર્વાદથી નવું જીવન મળેલ છે. તેઓની તબિયત સ્વસ્થ થતા સીવીલ હોસ્પિટલ, અમદાવાદમાંથી રજા આપેલ છે. અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં હતા તે દરમિયાન સ્નેહીશ્રીઓ તેમજ સંબંધીઓના ખબર અંતર પુઠવા માટે ઘણા બધા ફોન આવતા હતા. પરંતુ અમોએ અમદાવાદ મળવા આવવાની ના પાડેલ હતી. જેના અનુસંદાને નીચેના સ્થળે બોલામણું / શુભેચ્છા મુલાત રાખેલ છે. તો સ્નેહીશ્રીઓ, સહકારી આગેવાનશ્રીઓ, તેમજ શુભેચ્છકોને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.



સ્થળ અને તારીખ
**બાલાજી જીનીંગ ફેક્ટરી, થરા**
તારીખ : ૭/૧૦/૨૦૧૫ને બુધવાર, સવારે ૯-૦૦ કલાકથી....
મો. ૯૪૨૬૦ ૬૫૫૯૪

**શિક્ષકો જોઈએ છે**

(૧) B.A./M.A. B.Ed. મુખ્ય વિષય (સમાજ વિદ્યા, ઈતિહાસ, ભૂગોળ) (ધોરણ-૫,૬,૭ માં સમાજ વિજ્ઞાન માટે)
(૨) ધોરણ-૧૨ સાયન્સ સાથે P.T.C. અથવા B.Sc., B.Ed. (ધોરણ-૫,૬,૭,૮ માં ગણિત-વિજ્ઞાન માટે)

સ્વ હસ્તાક્ષર અરજી અને પ્રમાણપત્રોની નકલ સાથે રૂબરૂ મળો.
તા. ૯/૧૦/૨૦૧૫ શુક્રવારે... (સવારે ૧૦:૦૦ કલાકે)

સ્થળ : ગાંધીનગર કેળવણી મંડળ સંચાલિત
મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક / હાઈસ્કૂલ
પ્રેક્ષા વિશ્વભારતી સામે, કોબા પાટીયા, તા.જી. ગાંધીનગર

**એસ્ટ્રો કન્સલટન્સી**

જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.

મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com